આજે પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી

નવી દિલ્હી, તા.૨૫

દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની તમામ તૈયારીઓ આજે પરિપૂર્ણ કરી લેવામા આવી છે. આવતીકાલે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને કેટલીક જગ્યાઓએ ઉજવણીનો બહિષ્કાર કરવાની હાંકલ અને ત્રાસવાદી હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. મુખ્ય ઉજવણીમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વડાપ્રધાન મનમોહનસિંહ, મુખ્ય મહેમાન ભુટાન નરેશ જિગ્મે ખેસર ભાગ લેનાર છે. દિલ્હી એરપોર્ટ, મેટ્રો સ્ટેશનો, કેલવે સ્ટેશન અને બસ સ્ટેશન તથા ધાર્મિક સ્થળો ખાતે ખાસ સુરક્ષા રાખવામાં આવી છે. ઉત્તરપૂર્વમાં અનેક બળવાખોર સંગઠન સક્રિય છે. જેથી અહીં પણ વિશેષ સુરક્ષા રાખવામાં આવી છે. આસામ અને મણિપુરમાં ખાસ સુરક્ષા રાખવામાં આવી છે. તમામ રાજ્યોમાં પોલીસ પેટ્રોલિંગ અને અન્ય પ્રકારની ચકાસણી મજબુત બનાવી દેવામાં આવી છે.

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી, જમ્મુ-કાશ્મીર સહિત દેશના તમામ રાજ્યોમાં ઉજવણીને લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. મુંબઈના આતંકવાદી હુમલા દરમિયાન જીવતા ઝડપાઈ ગયેલા ત્રાસવાદી કસાબને નવેમ્બર મહિનામાં ફાંસી આપવામાં આવ્યા બાદ તેના મોતનો બદલો લેવા આતંકવાદી સંગઠનો તરફથી પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ખલેલ પહોંચાડવાની ચેતવણી આપ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. સમગ્ર દિલ્હી છાવણીમાં ફેરવાઈ ગયું છે. દેશના અન્ય રાજ્યોમાં પણ મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યાં છે. દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની છેલ્લા કેટલાક દિવસથી તૈયારીઓ ચાલી રહી હતી. રિહર્સલનો દૌર ચાલી રહ્યો હતો. સઘન સુરક્ષા માટે જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો તૈનાત કરવામાં આવી છે. દિલ્હી લશ્કરી છાવણીમાં ફેરવાઈ ગયું છે. અધિકારીઓ દેશની લશ્કરી તાકાત અને સાંસ્કૃતિક વિવિધતાને દર્શાવવાના આયોજન કરી ચૂક્યા છે. દિલ્હીમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સુરક્ષાને ધ્યાનમાં લઈને શહેરમાં અર્ધલશ્કરી દળો અને કર્મચારીઓ તથા એનએસજીના કમાન્ડો સહિત ૨૫૦૦૦થી વધુ સુરક્ષા જવાન તૈનાત કરવામાં આવ્યાં છે.

હવાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખીને દિલ્હીમાં વિમાની સેવા થોડા સમય માટે બંધ રાખવામાં આવશે. ૧૧.૧૫થી લઈને ૧૨.૧૫ સુધી એક કલાક માટે આ સેવા બંધ રહેશે. ગગનચુંબી ઈમારતોમાં પણ કમાન્ડો તૈનાત કરાયા છે. સૈકડો ક્લોઝ સર્કિટ કેમેરા રાજપથ અને લાલ કિલ્લા વચ્ચે પરેડના સ્થળો પર ગતિવિધિ પર નજર રાખવા ગોઠવી દેવામાં આવ્યાં છે. મોબાઈલ ટીમો, વિમાનને ફુંકી મારવામાં સક્ષમ મિસાઈલો, તોપ, કમાન્ડો જુદી જુદી જગ્યાઓએ તૈનાત કરવામાં આવ્યાં છે. દિલ્હી પોલીસના કમાન્ડો રાયસીના હિલ્સથી લાલ કિલ્લા સુધીના પ્રજાસત્તાક દિવસની પરેડના આઠ કિલોમીટર માર્ગ ઉપર ફરજ બજાવશે. રાજપથ પર બહુસ્તરિય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

'જન ગણ મન' લોકોમાં એક નવો જોશ ઉમેરે છે

રાષ્ટ્ર ગીત અને રાષ્ટ્ર ધ્વજ દેશના લોકોમાં એક નવો જોશ અને ઉત્સાહ ઉમેરે છે. દેશના લોકોમાં આના નામથી જ ગર્વનો અનુભવ થાય છે. રાષ્ટ્ર ધ્વજ અને રાષ્ટ્ર ગીત પ્રેરણાના સોર્સ તરીકે છે. રાષ્ટ્રીય સન્માન માટેનું રાષ્ટ્રીય ગીત જન ગણ મન તમામ ભારતીય લોકોની શાન અને જોશમાં વધારો કરે છે. પ્રજાસત્તાક દિવસના પ્રસંગે આ ગીત વગાડવામાં આવે છે. દુનિયાના ટોચના સર્ચ એન્જિન ગૂગલના જણાવ્યા મુજબ સંયુક્ત રાષ્ટ્રના શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાસ્કૃતિક સાથે જોડાયેલી વૈશ્વિક સંસ્થા યુનેસ્કોએ ગૂગલના માધ્યમથી યુનેસ્કો એન્ડ ઈન્ડિયા નેશનલ એન્થમની સાઈટ પર જન ગણ મનને દુનિયાના શ્રેષ્ઠ રાષ્ટ્રીય ગીત તરીકે ગણાવીને તેના ગુન ગાન કર્યા છે. રાષ્ટ્રીયતાથી ભરેલા આ ગીતની રચના બંગાળી સાહિત્યકાર અને નોબેલ પુરસ્કાર વિજેતા ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરે ડિસેમ્બર ૧૯૧૧માં કરી હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કોલકત્તાના વાર્ષિક સંમેલનમાં એટલે કે, ૨૭મી ડિસેમ્બર ૧૯૧૧ના દિવસે આ ગીત રજૂ કરવામાં આવ્યું હતું. રવિન્દ્રનાથ ટાગોરે પોતે આ ગીત અંગ્રેજીમાં બનાવ્યું હતું. 'દ મોર્નિંગ સોન્ગ ઓફ ઈન્ડિયા' ટાઈટલ સાથે ૧૯૧૯માં આ ગીત રજૂ થયું હતું. આના હિન્દી અનુવાદને ૨૪મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે રાષ્ટ્રગીતનો દરજ્જો મળ્યો હતો.

એર ઇન્ડિયા વિશ્વની ત્રીજી સૌથી ખરાબ એરલાઇન

વોશિંગ્ટન,તા. ૨૫

ચાઈના એરલાઈન્સ અને ટામ એરલાઈન્સ બાદ એર ઈન્ડિયા વિશ્વની ત્રીજી સૌથી ખરાબ એરલાઈન તરીકે રહી છે. સૌથી ઓછી ઓછી સુરક્ષિચ એરલાઈન્સ તરીકે એર ઈન્ડિયા સામેલ રહી છે. વિશ્વભરમાં વિમાન દુર્ઘટનાઓ પર નજર રાખનાર વેબસાઈટ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. ભારતની નેશનલ કેરિયર એર ઈન્ડિયા ૬૦ લિસ્ટેટ એરલાઈન્સની યાદીમાં સ્થાન ધરાવે છે. ફિનએરને વિશ્વની સૌથી સુરક્ષિત એરલાઈન્સ તરીકે ગણવામાં આવે છે. ત્યારબાદ ન્યુઝીલેન્ડ, કેથે પેસિફિક અને અમિરાતનો સમાવેશ થાય છે. ટોપમાં રહેલી એરલાઈન્સે છેલ્લા ૩૦ વર્ષના ગાળામાં કોઈ પણ દુર્ઘટનાનો સામનો કર્યો નથી. પરંતુ કેટલીક એરલાઈન્સો આમાં સક્રિય



પણ ન હતી. નોર્થ અમેરિકાની કોઈ પણ એરલાઈન્સે આમાં એન્ટ્રી કરી નથી. પરંતુ તેની ખરાબ એરલાઈન્સની યાદીમાં પણ કોઈ કેરિયર નથી. છેલ્લા ૩૦ વર્ષમાં થયેલા ગંભીર પ્રકારના અકસ્માતો અને વિમાન તુટી પડવાના મામલાના આદાર પર આ વાર્ષિક ગણતરી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે કોમર્શિયલ યાત્રી ફ્લાઈટો દુર્ઘટનાગ્રસ્ત થતા મોટી ખુવારી થિ હતી. ૪૯૬ ફેટલ દુર્ઘટના થઈ હતી. કેટલીક મોટી દુર્ઘટના પણ થઈ હતી. જેમાં દાના એર ફ્લાઈટનો સમાવેશ થાય છે. નાઈજિરિયામાં વિમાન તુટી પડતા આ અકસ્માતમાં ૧૬૯ લોકોના મોત થયા હતા. આવી જ રીતે ભોજા એર ફ્લાઈટ તુટી પડતા ૧૨૭ લોકોના મોત થયા હતા. અગાઉના વર્ષમાં કુલ ૩૦ વિમાનો તુટી પડ્યા હતા. જે પૈકી ૪૪ સંપૂર્ણપણે નાશ પામ્યા હતા.

આરબીઆઈ ચાવીરૂપ રેટમાં ઘટાડો કરવા માટેની તૈયારીમાં

મુંબઈ,તા. ૨૫

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ૨૯મી જાન્યુઆરીના દિવસે રજૂ થનારી તેની નાણાંકીય નીતિ સમીક્ષા ઉપર તમામ લોકોની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. બેંકરો અને જાણકાર નિષ્ણાંતો માને છે કે રિઝર્વ બેંક ૨૯મીની તેની નીતિ સમીક્ષામાં વ્યાજદરમાં અથવા તો ચાવીરૂપ રેટમાં ૨૫ બેજિક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. રૂપિયા ઉપર દબાણને ઘટાડવાના હેતુસર આ નિર્ણય લેવા આરબીઆઈ આગળ વધી શકે છે. અલબત્ત ફુગાવો હજુ પણ ઊંચી સપાટી ઉપર છે. બેંકરો માને છે કે ફુગાવાને અંકુશમાં લેવા માટે આરબીઆઈ સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે પરંતુ વિકાસને વેગ મળે તે માટે પણ તે કટિબદ્ધ છે. એસબીઆઈના ચેરમેન પ્રતિક ચૌધરીએ હાલમાં જ કહ્યું હતું કે તેઓએ રેપોરેટમાં ૫૦ બેજિક પોઈન્ટનો ઘટાડો કરવા અને સીઆરઆરમાં ૧૦૦ બેજિક પોઈન્ટનો ઘટાડો કરવા માટે વિનંતી કરી છે. રેપોરેટ એ રેટ છે જે રેટ ઉપર આરબીઆઈ બેંકોને ફંડ આપે છે.

રેપોરેટ અને રેટમાં ઘટાડો કરવાને લઈને બજારમાં હમેશા ઉત્સુકતા રહી છે. હાલમાં જ કરવામાં આવેલા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે રેટમાં ઘટાડો થશે એમ માનનાર લોકોની સંખ્યા વધી છે. સર્વેમાં ભાગ લેનાર ૮૦ ટકા લોકોએ એવો મત વ્યક્ત કર્યો છે કે સમીક્ષા બેઠકમાં રેપો અને રિવર્સ રેપોરેટમાં ૨૫થી ૫૦ બેજિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવી શકે છે. મોટાભાગના લોકો એમ પણ માને છે કે આ પોલીસી સમીક્ષા રેટમાં ઘટાડો કરવાની શરૂઆત પણ કરી શકે છે. માર્કેટ નિષ્ણાંતો વર્તમાન સીઆરઆરની સપાટીમાં કોઈ ફેરફાર જોતા નથી પરંતુ ડિસેમ્બર ૨૦૧૩ સુધી રેટમાં ૨૫થી ૫૦ બેજિક પોઈન્ટનો ઘટાડો થશે તેમ માને છે.

હજ માટે માત્ર એક વખત યાત્રી સબસિડી મેળવી શકે

મુઝફફરનગર,તા. ૨૫

ભારતીય હજ સમિતીએ હવે નવા ધારાધોરણો અમલી બનાવી દીધા છે. નવા નિયમો મુજબ યાત્રી હવે માત્ર એક વખત હજ માટે સબસિડીનો સાભ લઈ શકશે. આ સંબંધમાં સરકારે નિર્ણય કર્યા બાદ આ નિયમોને અમલી બનાવાયા છે. ભારતીય હજ સમિતના સીઈઓ શાકીર હુસૈને કહ્યું છે કે અગાઉ પાંચ વર્ષમાં એક વખત સરકારી સબસિડીની વ્યવસ્થા હતી. તેમણે કહ્યું હતું કે હજની યાત્રા કરવા ઈચ્છુક લોકોને એક એવી અરજી સાથે એફિડેવિટ દાખલ કરવી પડશે જેમાં જણાવવામાં આવસે કે તેઓ હજ માટે પ્રથમ વખત જઈ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે આ પહેલા ક્યારેય હજની યાત્રા નહી કરેલા લોકોને આ નિર્ણયથી વધારે તક મળશે. નવા ધારાધોરણોનો ખુલ્લો ભંગ કરનાર અથવા તો દસ્તાવેજો સાથે ચેડા કરનાર લોકો સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. એચસીઓઆઈ દ્વારા ૧૮મી જાન્યુઆરીના દિવસે જારી કરવામાં આવેલા નવા આદેશમાં દેશમાં હજ ઓપરેશન માટે ચીફ એજન્સી, વિદેશ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું હતું કે સરકારી સબસિડી પર એક વખત જો કોઈ વ્યક્તિએ હજની યાત્રા કરી છે તો બીજી વખત આવા યાત્રાને મંજૂરી આપવામાં આવસે નહી. અગાઉ પ્રથમ વખત યાત્રા કર્યા બાદ જો પાંચ વર્ષના ગાળા બાદ ફરી અપીલ કરવામાં આવે તો બીજી વખત મંજૂરીની જોગવાઈ હતી. જો કે એચસીઓઆઈ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે હજ યાત્રા માટે અરજી ફોર્મ છટ્ટી ફેબ્રુઆરીથી મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

આ ફોર્મ ૨૦મી માર્ચ સુધી મળી શકશે. આ વર્ષે રાજ્ય હજ કમિટીની ઓફિસમાંથી આ ફોર્મ મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે હજ યાત્રા માટે હમેંશા જોરદાર ધસારો રહે છે. મોટી સંખ્યામાં લોકો આના માટે અપીલ કરે છે.હજ યાત્રા દરમિયાન લોકોને વધુ સુવિધાઓ મળે તે માટે પણ ખાસ આયોજન કરવામાં આવે છે. આ વખતે પણ તૈયારી શરૂ કરવામાં આવી ચુકી છે. વિશ્વભરમાંથી હજ માટે કરોડો લોકો પહોંચે છે.

શેરબજારમાં રીક્વરી :૧૮૦ પોઈન્ટનો નોંધપાત્ર ઉછાળો

વ્યાજલક્ષી શેરમાં આરબીઆઇની ક્રેડિટ પોલીસી પહેલા જોરદાર લેવાલી જામી : મારૂતિના સારા પરિણામ જાહેર

મુંબઈ,તા. ૨૫

શેરબજારમાં આજે જોરદાર રીક્વરી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સમાં ૧૮૦ પોઈન્ટનો સુધારો થતા તેની સપાટી ૨૦૧૦૪ ઉપર પહોંચી હતી. આની સાથે જ તેની સપાટી બે વર્ષની ઉંચી સપાટી પર પહોંચી હતી. આગામી સપ્તાહમાં રજૂ કરવામાં આવનાર આરબીઆઈની ક્રેડિટ પોલીસી પહેલા જ વ્યાજલક્ષી શેરમાં જોરદાર લેવાલી જામી હતી. મારૂતિ સુઝુકીની કમાણીના આંકડા અપેક્ષા કરતા વધારે સારા રહ્યા હતા. ગઈકાલે સેન્સેક્સમાં ૧૦૩ પોઈન્ટનો ઘટાડો થયા બાદ સેન્સેક્સમાં ૧૮૦ પોઈન્ટનો સુધારો આજે રહ્યો હતો. તાતા મોટર્સ, મારૂતિ, એસબીઆઈ અને એલએન્ડટી તેમજ એચડીએફસી બેંકના શેરમાં તેજી રહી હતી. વૈશ્વિક બજારોમાં રીક્વરીના સંકેત મળી રહ્યા છે. ખાસ કરીને અમેરિકા. ચીન અને યુરોપિયન બજારમાં હાલમાં તેજી જોવા મળી રહી છે. રેટલક્ષી શેર, ઓટો, કન્ઝુમર ડ્યુરેબલ, કેપિટલ ગુડ્સ, બેંકના શેરમાં લેવાલી જામી હતી. એવી આશા દેખાઈ રહી છે કે આરબીઆઈ તેની ક્રેડિટ પોલીસીમાં ૨૯મી જાન્યુઆરીના દિવસે વિકાસને વેગ આપવા રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરી શકે છે.તમામ ૧૩ સેક્ટરલ ઈન્ડેક્સમાં જોરદાર લેવાલી જામી હતી તમામમાં ૪.૪૨ ટકાનો સુધારો થયો હતો. આવી જ રીતે નિફ્ટી ઈન્ડેક્સ ૫૫ પોઈન્ટ સુધરીને ૬૦૭૪ની સપાટીએ રહ્યો હતો. માર્કેટમાં લિક્વિડીટીની સ્થિતી દેખાઈ રહી છે. જે સંકેત આપે છે કે આગામી દિવસોમાં તેજી રહી શકે છે. નિફ્ટી ૬૦૦૦થી ઉપર અને સેન્સેક્સ ૨૦૦૦૦થી ઉપર રહેતા નવી આશા જાગી છે. રેટમાં કાપની આશાથી રોકાણકારો ખુશ દેખાઈ રહ્યા છે. આજે ૩૦ શેર સેન્સેક્સમાં મારૂતિ સુઝુકીના શેરમાં સૌથી મોટો ૪.૧૫ ટકાનો સુધાર રહ્યો હતો. તેના નેટ નફામાં બે ગણો વધારો થયો હતો. જેથી તેના શેરમાં તેજી જામી હતી. આજે દિવસભર તેજી રહી હતી.

કર્ણાટક ગૂંચ : ચોથી સુધી બહુમતિ સાબિત કરવા માટે શેત્તારને સુચન

બેંગલોર,તા. ૨૫

કર્ણાટકના રાજ્યપાલ એચઆર ભારદ્વાજે ચોથી ફેબ્રુઆરી સુધી ગૃહના મંચ પર બહુમતિ સાબિત કરવા કર્ણાટકમાં જગદીશ શેત્તારના નેતૃત્વમાં ભાજપ સરકારને સુચના આપી હતી. આની સાથે જ કર્ણાટકમાં કટોકટી ઉભી થઈ ગઈ છે.

કર્ણાટકમાં સરકાર લઘુમતિમાં મુકાઈ જતા રાજકીય ગરમી વધી ગઈ છે. કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન બીએસ યેદીયુરપ્પાના ૧૩ ધારાસભ્યો દ્વારા બળવો કરવામાં આવ્યા બાદ કર્ણાટક સરકાર લઘુમતિમાં આવી ગઈ છે. સરકાર લઘુમતિમાં આવી ગયા બાદ રાજ્યપાલે બહુમતિ સાબિત કરવાનો આદેસ કર્યો હતો. મળેલી માહિતી મુજબ ૧૩ ધારાસભ્યો તેમની વિધાનસભાના સભ્યપદને છોડવાની તૈયારી કરી રહ્યા છે. પરંતુ રાજયમાં હાલ રાજકીય ગરમી વધી ગઈ છે. અધ્યક્ષ હાલમાં વિદેશના પ્રવાસે છે. આંદોલન કરી રહેલા ધારાસભ્યો આજે રાજભવનમાં ધસી ગયા હતા અને તેમના રાજીનામા સુપ્રત કરવા અંગે તેમના નિર્ણયથી અગાઉથી જાણ કરવામાં આવી હોવા છતાં અધ્યક્ષ વિદેશમાં જતા રહ્યા છે તેવી રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા.

ભારદ્વાજ સમક્ષ જોરદાર રજૂઆત કરવામાં આવી હતી. કટોકટીમાં શેત્તાર સરકારને ધકેલી દેવાના હેતુથી આ યોજના તૈયાર કરવામાં આવી હતી. ફરિયાદ નોંધાવવામાં આવ્યા બાદ રાજ્યપાલે વિધાનસભાના સચિવને પત્ર લખીને વિસ્તૃત માહિતી માંગી હતી. દરમિયાન ૧૩ ધારાસભ્યોએ તેમના રાજીનામા અંગેના પત્ર અધ્યક્ષને ઈમેલ મારફતે મોકલી ચુક્યા છે. સાથે સાથે ૨૭ અથવા તો ૨૮મી જાન્યુઆરી સુધી તેમના રાજીનામા સ્વીકારી લેવા અપીલ પણ કરવામાં આવી છે. બળવો કરનાર તમામ ધારાસભ્યો પૂર્વ મુખ્યપ્રધાન યેદીયુરપ્પાના વફાદારો હોવાનુ જાણવા મળ્યું છે. ભાજપ સરકારની સ્થિરતા સામે હવે સકંટ છે. શેત્તાર આઠમી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરનાર છે. મે મહિનામાં કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી યોજાય તે પહેલા આ અંતિમ બજેટ રહેશે. જો કે શેત્તારને તે પહેલા જ બહુમતિ સાબિત કરવા માટે કહેવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ઝારખંડમાં પણ ભાજપની સરકારનુ પતન થયું છે. કારણ કે ઝારખંડ મુક્તિ મોરચાએ ટેકો પાછો ખેંચી લીધા બાદ સરકાર લઘુમતિમાં આવી ગઈ હતી. આખરે મુખ્યપ્રધાન અર્જૂન મુન્ડાને રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી.

વિશ્વરૂપમ ઉપર કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં પ્રતિબંધ મૂકાયો

ચેન્નાઈ,તા. ૨૫

અભિનેતા કમલ હસનની નવી ફિલ્મ વિશ્વરૂપમને પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. તામિલનાડુ બાદ નારાજગી લોકોની સપાટી ઉપર આવ્યા બાદ કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં પણ આ ફિલ્મ ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. કમલ હસને આ સંબંધમાં નારાજગી વ્યક્ત કરીને કોર્ટમાં રજૂઆત કરીને પ્રતિબંધ ઉઠાવી લેવાની માંગ કરી હતી પરંતુ તેની માંગ હજુ સુધી સ્વીકારવામાં આવી નથી જેથી કમલ હસનના ચાહકો નિરાશ થયા છે. કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ ગઈ છે. સાંસ્કૃતિક આતંકવાદના સ્વરૂપમાં આ ફિલ્મ હોવાની વાત કરવામાં આવી રહી છે. મદ્રાસ હાઈકોર્ટે ગઈકાલે ૨૮મી જાન્યુઆરી સુધી ફિલ્મની રજૂઆત ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. આ ફિલ્મ એક થ્રીલર ફિલ્મ છે પરંતુ કેટલાક મુસ્લિમ સંગઠનો દ્વારા આની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે અને જણાવવામાં આવ્યું છે કે મુસ્લિમ સમુદાયના લોકોને ફિલ્મમાં નકારાત્મક રીતે રજૂ કરવામાં આવ્યા છે. ૫૮ વર્ષના કમલ હસને કહ્યું છે કે આ ફિલ્મ બિલકુલ મુસ્લિમોની વિરુદ્ધમાં નથી. તામિલનાડુ સરકારે ૨૩મી જાન્યુઆરીના દિવસે ફિલ્મની રજૂઆત રોકી હતી. મુસ્લિમ સંગઠનોનો આક્ષેપ છે કે ભાવિ પગલાં લેતા પહેલાં કોર્ટ દ્વારા પણ આ મામલામાં વધુ ચકાસણી કરવામાં આવે તે જરૂરી છે. ૨૬મી જાન્યુઆરીના દિવસે આ કેસ ફરી હાથ ધરવામાં આવશે જેમાં નવી નીતિ ઉપર ચર્ચા થશે. કર્ણાટક અને આંધ્રપ્રદેશ પણ ફિલ્મની રજૂઆતને રોકવા માટે તૈયાર થઈ ગયા છે. કમલ હસન અભિનિત આ ફિલ્મ સૌથી મહત્વકાંક્ષી ફિલ્મો પૈકીની એક છે. ભારે મહેનતથી આ ફિલ્મ તૈયાર કરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ફિલ્મમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ પણ ઉલ્લેખનીય રીતે કરવામાં આવ્યો છે.

શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

● સમાચાર સેતુ

● જાણીતા હાસ્ય લેખક ચિત્રસેન શાહન 'આઉટ સ્ટેન્ડીંગ એચિવમેન્ટ કચ્છી ઓફ ધ ઇયર' એવોર્ડ એનાયત થયો

તાજેતરમાં શ્રી કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર તરફથી સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કચ્છ મિત્ર મંડળ ગાંધીનગરના પ્રમુખ માવજીભાઈ રંગાણીની રાહબરી હેઠળ તેજસ્વી તારલાઓને અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોને સન્માનવામાં આવ્યાં હતા. આ પ્રસંગે સ્વ શ્રી અંબરીષભાઈ બી. મહેતાના સ્મણાર્થે તેમનાં પુત્ર ચેતના મહેતા તરફથી દર વર્ષે આપવામાં આવતો 'આઉટ સ્ટેન્ટિંગ એચિવમેન્ટ કચ્છી ઓફ ધી યર' એવોર્ડ, રોકડ પુરસ્કાર અને ટ્રોફી જાણીતા હાસ્ય લેખક ચિત્રસેનભાઈ શાહને એનાયત કરવામાં આવ્યાં હતા. સમારંભના પ્રમુખપદે લચ્છુભાઈ બોરા અને અતિથિ વિશેષ પદે ડૉ. વર્ષાબેન મહેતા (ગ્રંથપાલ નિયામક ગુજરાત રાજય) અને કચ્છી પટેલ સમાજના અગ્રણી માછુભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ જગદીશભાઈ ગોરે કર્યું હતું.

● ગાંધી નિર્વાણ દિન તથા શહીદ સ્મૃતિદિને તા. ૩૦-૧-૨૦૧૩ને બુધવારે સવારે ૯-૪૫ કલાકે ટાઉન હૉલ, સે-૧૭ ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત - સંપાદિત સ્વાતંત્ર્ય-ગાંધી ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે સુપ્રસિધ્ધ લોકગાયક અભેસિંહ રાઠોડ તથા સુશ્રી મીના પટેલ લોકગીતો રજૂ કરશે.

હેડલીના પ્રત્યાર્પણની માંગ પર ભારત હજુય મક્કમ: ખુરશીદ

મુંબઈ,તા. ૨૫

વિદેશમંત્રી સલમાન ખુરશીદે આજે સવારે કહ્યું હતું કે ભારત લશ્કરે તોયબાના ત્રાસવાદી ડેવીડ હેડલી માટે વધુ સજાની માંગ કરશે. તેની સામે ખટલો ચલાવવા ઉપર ભારત મક્કમ છે. પ્રત્યાર્પણ માટેની માંગણી ઉપર પણ ભારત કાયમ રહેશે. પાકિસ્તાની અમેરિકન શખ્સ હેડલીને મુંબઈમાં આતંકવાદી હુમલામાં ભૂમિકા બદલ આજે અમેરિકાની અદાલત દ્વારા ૩૫ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. સલમાન ખુરશીદે ડેવીડ હેડલીને કરવામાં આવેલી ૩૫ વર્ષની સજા યોગ્ય છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા જણાવ્યું હતું કે અમે વધુ સજાની માંગ ઉપર મક્કમ છીએ. અરજી સમજૂતી મુજબ અમેરિકી પ્રોસીક્યુટરોએ તેની સામે મૃત્યુદંડની સજાની માંગ કરી ન હતી.

સાથે સાથે ભારત, પાકિસ્તાન અથવા તો ડેનમાર્કમાં તેના પ્રત્યાર્પણ માટે પણ તૈયારી બતાવી નથી. હેડલી સામે ભારતમાં ટ્રાયલ ચાલશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા ખુરશીદે કહ્યું હતું કે આ પ્રશ્નનો જવાબ પ્રોસીક્યુટીંગ સંસ્થાઓ જ આપી શકે છે. તેમને ઉમેર્યું હતું કે ભારત પાકિસ્તાની આતંકવાદીના પ્રત્યાર્પણ માટે સતત રજૂઆત કરશે. ભારતમાં ટ્રાયલ માટે પણ રજૂઆત કરશે.

આ ખૂબ સારી બાબત છે કે હેડલીને દોષિત ઠેરવીને તેને ૩૫ વર્ષની સજા કરાઈ છે. ૩૫ વર્ષની સજા બાદ પાંચ વર્ષ ચકાસણી હેઠળ તેને રાખવામાં આવશે.

પ્રજાસત્તાક દિને અશ્રુભીની આંખે

(પાના નં. ૪ નું ચાલુ)

જશપુરની જનવિકાસ સંસ્થાની કાર્યકર મમતા કુજુરે જણાવ્યું કે સીતોંગા ગામની ૧૪ વર્ષની એક છોકરી પાંચ અલગ અલગ વ્યક્તિઓને વેચવામાં આવી હતી. તેણીને નાના અને અંધારિયા રૂમમાં રાખી તેના પર બળાત્કાર અને અત્યાચાર ગુજારાયો હતો. જયારે તેણીએ વિરોધ કર્યો ત્યારે મળ ખવાની ફરજ પાડવામાં આવી હતી. એક વર્ષ આ રીતે બંધી રહી. અત્યાચાર સહન કરનાર આ યુવતી લાગ જોઈ ભાગી છુટી. પોતાના ગામ પહોંચી ગઈ હતી. ત્યાં તેણીનાં પિતાએ પૈસા ન લાવવા અને નોકરી છોડવા બદલ ગાળો આપી. પરિણામે તેણીએ માનસિક સમતુલન ગુમાવ્યું.

સ્ત્રીઓનાં વેચાણમાં એજન્ટોનું સક્રિય નેટવર્ક છે. તેમનો કોઈ વાળ પણ વાંકો થતો નથી. ઘરકામની નોકરી અપાવવાના બહાને તેમને લઈ જવામાં આવે છે. તેમાંથી કેટલીક સ્ત્રીઓને સાઉદી અરેબિયા, લિબિયા જેવા દેશોમાં લગ્ન માટે પણ મોકલી દેવામાં આવે છે. જેમને ત્યાં પુત્ર ન હોય તેવા મોટી ઉંમરનાં પુરૂષો સાથે તેમનાં લગ્ન કરાવવામાં આવે છે. આવા કોઈ બનાવતી ફરિયાદ નથી. તેમ જ કોઈ એજન્ટની પણ ભાગ્યે જ ધરપકડ થાય છે.

પ્રજાસત્તાક દિને દિલ્હી લાલ કિલ્લા પરથી ત્રિરંગો લ્હેરાવશે. લશ્કરી સૈનિકો માર્ચ પાસ્ટ કરશે. જવાનોનાં અનેક કરતબોનું પ્રદર્શન કરાશે. વચનોની લ્હાણી થશે અને વિકાસ તેમજ સિધ્ધિઓની રેકર્ડ વગાડાશે. છત્તીસગઢ જેવાં નાનાં રાજયમાંથી આ રીતે ગુમ થતી યુવતીઓનાં માત્ર આંકડા જાહેર કરીને રાજય તેની જવાબદારી પૂરી થઈ હોવાનું માની લે છે. તંગ કે ફેશનેબલ કપડાં સ્ત્રીઓને ન પહેરવાની શિખામણ આપનાર આપણા નેતાઓ અને ધર્મગુરૂઓ શું કોઈ ઠેકો લઈને બેઠા છે કેમ કે સમજાતું નથી. દેશની અડધો અડધ માનવ વસ્તી સાથે આ પ્રકારનો વ્યવહાર જયાં આચરવામાં આવતો હોય તેને પ્રજાસત્તાક રાજય તરીકે કહેવડાવવાનો અધિકાર પણ છે ખરો? તેવો પ્રશ્ન થાય છે.

સમાચાર ઝલક

- **એફ.ડી.આઇ. દરખાસ્ત મામલે વોલમાર્ટની સંડોવણીની તપાસ માટે સમિતિની નિમણૂંક.**
- **પ્રજાસત્તાક દિન નિમિત્તે વનવાસી જિલ્લો ડાંગ-આહવામાં અનેક કાર્યક્રમો યોજાશે.**
- **કડીમાં ઓઇલ ચોરી કૌભાંડમાં ૩ વ્યક્તિઓની ધરપકડ.**
- **ગુજરાતમાં બે બાળકોને વીરતા પુરસ્કારથી સન્માનિત કરતાં રાષ્ટ્રપતિ.**
- **કુંભમેળામાં એક ડઝનથી પણ વધુ વિદેશી મહામંડળેશ્વરો.**
- **અમદાવાદની કોટયાર્ડ હોટેલમાં ભીષણ આગ.**
- **ફોબર્સ મેગેઝિને પ્રથમ પાના પર ફિલ્મ અભિનેતા શાહરૂખખાન જોવા મળશે.**
- **ગુજરાત સરકારના કર્મચારી માટેનો ૨૦૦૮-૨૦૧૧ સુધીનો રજા પ્રવાસ રાહત બ્લોક તા. ૩૦મી જુન સુધી લંબાવ્યો.**
- **રિઝર્વ બેંકની ત્રિમાસિક સમીક્ષા અંગે ગર્વનરે નાણાંમંત્રી સાથેની સૂચક મુલાકાત, સમીક્ષાનીતિ મંગળવારે જાહેર થશે.**
- **રાજકોટમાં સીમલા મરચાંની આધુનિક ખેતી.**
- **વિશ્વભરમાં મહંમદ પયગંબર સાહેબનો જન્મદિન ઇદે મિલાદ તરીકે મનાવ્યો.**
- **ભારતીય વૈજ્ઞાનિક શ્રી રાવને ચીનનો પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનીત કરાશે.**